# નાસ્તિક કોણ? અને સાચો આસ્તિક કોણ?

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ; (મો) 9825892710



પરમાત્મા છે કે કેમ? માનો કે છે, તો પરમાત્મા કોણ છે ? કેવો છે ? ક્યાં છે ? આપણો તેની સાથે શું સંબંધ છે? વગેરે પ્રશ્નો પણ વિચાર માગી લે છે. કારણ કે આ અંગે વિશ્વમાં આજે અનેક માન્યતાઓ, વિચારધારાઓ પ્રવર્તે છે અને તેમાંની કેટલીક તો તદ્દન વિરોધાભાસી માન્યતાઓ છે. જેમકે નાસ્તિકવાદ-આસ્તિકવાદ ; એકેશ્વરવાદ-અનેકેશ્વરવાદ ;દ્વૈતવાદ-અદ્વૈતવાદ: અવતારવાદ - બિનઅવતારવાદ, સગુણ સાકારવાદ - નિર્ગુણ નિરાકારવાદ વગેરે. આ વિરોધાભાસી માન્યતાઓમાં સૌથી મહત્વની છે નાસ્તિકવાદ-આસ્તિકવાદ. સમાન્ય રીતે જે વ્યક્તિ પરમાત્માના અસ્તિત્વનો તેમજ માનવ શરીરમાં રહેલી ચેતના ( આત્મા)નો સ્વીકાર જ નથી કરતો અને તેમ માને છે કે પરમાત્મા કે જીવાત્મા જેવી કોઈ હસ્તીનું કોઈ અસ્તિત્વ જ નથી, ઈશ્વર એ તો માનવીના મનની ઉપજ માત્ર છે, તેને ચોકકસપણે આપણે નાસ્તિક કહીશું. તેની સામે જે વ્યક્તિ પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે અને પોતાની આસ્થા પ્રમાણે ઈશ્વરને કોઈ પણ સ્વરૂપે યાદ કરે છે તેને સમાન્ય રીતે આપણે આસ્તિક માનીએ છીએ ભલે પછી તેને ઈશ્વરનો સત્ય પરિચય હોય કે ન હોય.

આજે પણ આ બંને વાદો ટકેલા છે.કારણ કે હજુ સુધી નાસ્તિકવાદીઓ એવી કોઈ તાર્કિક કે વૈજ્ઞાનિક સાબિતી આપી શક્યા નથી કે ઈશ્વરનું કોઈ અસ્તિત્વ જ નથી. તે જ રીતે આસ્તિકવાદીઓ પણ એવી કોઈ સચોટ તાર્કિક કે વૈજ્ઞાનિક સાબિતી નાસ્તિકવાદીઓને પણ આપી શક્યા નથી કે લો આ છે ઈશ્વર મળી લો તેને. ભલે નાસ્તિકવાદીઓ ઈશ્વરનો સ્વીકાર કરતાં નથી અને પોતાને નાસ્તિક કહેવડાવે છે. પરંતુ જાણે અજાણે પણ કોઈવાર તેમનાથી પણ ઈશ્વરનો સ્વીકાર થઈ જ જતો હોય છે. આ અંગે એક ટુચકો પ્રચલિત છે. એકવાર નાસ્તિકવાદીઓના એક સંગઠને વિશેષ મીટીંગનું આયોજન કર્યું. એજંડા હતો કે આજે વિસ્તૃત ચર્ચા બાદ એવા સચોટ મુદ્દાઓ તારવી કાઢવા કે આપણે સાબિત કરી શકીએ કે ઈશ્વર જેવી કોઈ હસ્તી કે વસ્તુ છે જ નહીં. ખૂબ ચર્ચા બાદ ખૂબ સુંદર મુદ્દાઓ બધાએ મળીને શોધી કાઢ્યા . અને અંતે મીટીંગના સંચાલકે બધા સભ્યોનો આભાર માનતા કહ્યું "Thank God that today we could prove that there is nothing like God". અર્થાત આપણે ઈશ્વરનો આભાર માનીએ છીએ કે આજે આપણે સાબિત કરી શક્યા કે ઈશ્વર જેવી કોઈ હસ્તી જ નથી.

આવો હવે આસ્તિકવાદીઓ પર આવીએ. ઉપર જણાવ્યુ તેમ જે ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે તેમજ તેને કોઈ પણ સ્વરૂપે આસ્થા તેમજ શ્રધ્ધાથી યાદ કરે છે, કેટલાંક તેનાથી ડરીને પણ ચાલે છે, તેને સમાન્ય રીતે આપણે આસ્તિક માનીએ છીએ. ભલે પછી તેને પરમાત્માનો યથાર્થ પરિચય હોય કે ન હોય. ઈશ્વરનો સ્વીકાર ન કરનાર તો નાસ્તિક છે જ પરંતુ ઈશ્વરના અસ્તિત્વનો કોઈપણ સ્વરૂપે સ્વીકાર કરનારને તેમજ પોત પોતાની માન્યતા કે શ્રાધ્ધના આધારે તેને યાદ કરનારને કે તેની પુજા –અર્ચના કરનારને શું આપણે સાચો આસ્તિક કહી શકીએ? આમાંના કેટલાકની શ્રધ્ધાનું સ્વરૂપ અંધશ્રધ્ધા પણ હોઈ શકે છે. વિવેકથી વિચારીએ તો આપણે તેને કદાચ આસ્તિક કહી શકીએ પરંતુ સાચો આસ્તિક કેવી રીતે કહી શકીએ? જેને ઈશ્વરનો સત્ય પરિચય જ નથી, જે ઈશ્વરને માને છે પરંતુ જાણતો નથી, તો શું તેને સાચો આસ્તિક કહી શકાય ?

***આ સંદર્ભમાં વિચારીએ તો આપણે સાચો આસ્તિક તો તેનેજ કહી શકીએ***

(૧) જેને ઈશ્વરનો સત્ય પરિચય છે. તે કોણ છે ? તે કેવો છે ? તે ક્યાં છે ? બેહદ ના આ વિશ્વ નાટકમાં

તેનો પાર્ટ શું છે ? કેવી રીતે છે ? ક્યારે છે? શા માટે છે? તેના સ્પષ્ટ ઉત્તરો જેની પાસે હોય.

(૨) આ ઉપરાંત તે એ પણ જાણે છે કે હું કોણ છું? હું કેવો છું? હું ક્યાંથી આવ્યો છું અને મારે ક્યાં જવાનું છે? આ વિશ્વ નાટકમાં મારો જન્મ જન્માંતરનો શું પાર્ટ છે? મારા જીવનનું લક્ષ શું છે?

(૩) જે સત્ય એકેશ્વર સાથે નિસ્વાર્થ પ્રેમના સંબંધથી જોડાએલો છે, તેના સાથનો અનુભવ કરી રહયો છે અને ઈશ્વરની શ્રીમત પર ચાલી ઈશ્વર પાસેથી અનેક પ્રાપ્તિ કરી રહયો છે.

ઉપરોક્ત સંદર્ભમાં જોઈએ તો ભલે પોતાને આસ્તિક કહેવડાવનારાઓ વિશ્વમાં કરોડોની સંખ્યામાં જોવા મળશે પરંતુ સાચા આસ્તિક ખુબજ જુજ જોવા મળશે. સદીઓથી આપણે ઈશ્વર પર આસ્થા અને શ્રધ્ધા રાખી તેની અનેક રીતે અનેક સ્વરૂપે આરાધના કરી, પુજા અર્ચના કરી, યજ્ઞ કર્યા, જપ કર્યા, માળાઓ ફેરવી, તીર્થ યાત્રાઓ કરી, અનેક કષ્ટ વેઠયા પરંતુ આ બધુ કરવા છતાં આપણી તેમજ સમગ્ર વિશ્વની આજે હાલત શું થઈ ગઈ તે આપણે આજે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. .આપણે સૌ આ વિશ્વ નાટકમાં આપણો પાર્ટ ભજવતા ભજવતા પગથીયા ઉતરતા જ ગયા અને આજે કળીકાળના અંતિમ સમયે આવી પહોચ્યા છીએ. સૃષ્ટિચક્રના સંદર્ભમાં જોઈએ તો સતયુગ, ત્રેતાયુગ અર્થાત બ્રહ્માના દિવસ દરમ્યાન આપણા જન્મો સતોગુણમાં પસાર થયા. ત્યાર બાદ દ્વાપરયુગના જન્મો રજોગુણી અવસ્થામાં, અને કલયુગના અંતિમ જન્મો તમોગુણી અવસ્થામાં પસાર કર્યા. .આપના કષ્ટો પણ ઉત્તરો ઉત્તર વધતાં ગયા.

અર્થાત આપણે આંશિક રીતે ભલે આપણી જાતને આસ્તિક કહેવડાવીએ પરંતુ શું હું સાચો આસ્તિક છું તે સ્વયંને પુછવાનો સમય આવી ગયો છે. .ફરીથી જો સૃષ્ટિચક્રના સંદર્ભમાં જોઈએ તો, ભલે આપણે આપણા દ્વાપર-કલયુગના જન્મો દરમ્યાન સાચા આસ્તિક ન બની શક્યા, પરંતુ આજનો આ સમય આપણા માટે સંપૂર્ણ સાચા આસ્તિક બનવાનો સોનેરી અવસર છે. કારણકે નિર્વિવાદ એવા આ સૃષ્ટિચક્રમાં કનિષ્ઠ કલયુગ પછી શ્રેષ્ઠ સતયુગ આવે છે અર્થાત કળીયુગના વિનાશ બાદ સતયુગની સ્થાપના થાય છે. આ મહાન પરીવર્તન લાવવું એ કોઈ મનુષ્ય માટે સંભવ નથી પરંતુ આ મહા પરિવર્તનનું કાર્ય, સ્વયં સર્વ શક્તિમાન પરમાત્મા દ્વારા જ સંપન્ન થઈ શકે. કલયુગનો અંત અને સતયુગની શરૂઆત વચ્ચેના આ પરીવર્તનના સમયને આપણે સંગમયુગ કહી શકીએ. આ સમયે સર્વ ધર્મની આત્માઓના પિતા, જગત નિયંતા જ્યોતિબિંદુ સ્વરૂપ પરમાત્મા શિવ પોતે જ આપેલા વચન અનુસાર ધરતી પર અવતરણ કરે છે. અને સમગ્ર વિશ્વની આત્માઓને સ્વયંનો સ્પષ્ટ પરિચય આપે છે. સાથે સાથે આપણે જે મનુષ્ય આત્માઓ છીએ તેનો પણ પરિચય આપે છે. સાચા આસ્તિક હોવા અંગેના જે કેટલાંક પ્રશ્નોનો આગળ ઉપર જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના પણ સ્પષ્ટ સચોટ ઉત્તરો તેઓ આપી રહ્યા છે. આ વિશ્વ નાટકનો આદિ, મધ્ય, અંત શું છે ? તે કયા સિધ્ધાંતો પર ચાલી રહ્યું છે ? સમગ્ર બ્રહમાંડની ભૂગોળ શું છે ? મારા આ સૃષ્ટિનાટકમાં કેટલા અને કેવા જન્મો છે ? આ સર્વ પ્રશ્નોના ઉત્તર પણ સર્વજ્ઞ પરમાત્મા આપી રહ્યા છે. આજ સમય છે કે જ્યારે આપણે ઈશ્વરને સાચા અર્થમાં ઓળખી તેની સાથે સંબંધ જોડી, તેની શ્રીમત પર ચાલી આપણે સાચા અર્થમાં આસ્તિક બનીએ. સાચા આસ્તિક બની આપના જીવનને દિવ્ય બનાવીએ તેમજ ઈશ્વર સાથેના આપના સર્વ સંબંધોનો સાર્થક અનુભવ કરીએ. સાથે સાથે આવનાર સતયુગમાં આપણા દેવી દેવતા સ્વરૂપના પાર્ટને નિશ્ચિત કરીએ.

------ 00000 ------

